# ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સીટી, ભુજ.

## બી.એડ્. પ્રવેશ માટેના સામાન્ય નિયમો - ૨૦૨૫-૨૬

**પ્રવેશ પ્રક્રિયા:**

1 બી.એડ્ .પ્રવેશની સંપૂર્ણ કાર્યવાહી માટે GCAS પોર્ટલ મારફત થશે.

2 બી.એડ્ .પ્રવેશ ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓ જિલ્લાની કોઇપણ બી.એડ્ .કોલેજના પ્રવેશ સેન્ટર પરથી ફોર્મ ભરી તથા વેરીફીકેશન કરાવવું ફરજીયાત છે .

3 બી.એડ્ .પ્રવેશની પ્રક્રિયા અન્ય અભ્યાસક્રમો મુજબ જ કરવામાં આવશે .આપે પસંદગી કરેલ કચ્છ યુનિવર્સીટી સંલગ્ન બી.એડ્. કોલેજો મધ્યે કાઉન્સેલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કચ્છ યુનિવર્સીટી ખાતે આ પ્રક્રિયા કરવામાં આવશે નહીં . વિશેષ માહિતી માટે નજીકની બી.એડ્ .કોલેજ મધ્યે કાર્યરત ફોર્મ ફીલિંગ સેન્ટર તથા ફોર્મ વેરિફિકેશન સેન્ટરની મુલાકાત લેવી. જેની વિગત નીચે મુજબ છે .

| ક્રમ | બી.એડ્.કોલેજનું નામ | ફોર્મ ફીલિંગ સેન્ટર નામ અને સંપર્ક નં. | ફોર્મ વેરિફિકેશન સેન્ટર નામ અને સંપર્ક નં. | એડમિશન કન્ફર્મ સેન્ટર નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|
| 1 | એસ.ડી.શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન ,મુન્દ્રા | ડૉ. એચ.ડી.કગથરા ૮૨૩૮૭૮૫૨૧૦ | ડૉ. ડી. આર પંડયા ૯૯૨૫૪૪૪૦૪૭ | ડૉ. કે.એમ.નાંઢા ૯૭૨૩૫૫૭૨૪૬ |
| 2 | જિલ્લા શિક્ષણ અને તાલીમી ભવન ,ભુજ | શ્રી એ.એમ.સુમરા ૭૦૬૯૮૭૧૦૦૭ | શ્રી એમ.એચ.સતાણી ૯૪૨૬૨૫૩૭૦૦ | ડૉ.આર.એચ.પરમાર ૯૪૨૯૭૯૬૯૬૨ |
| 3 | દાદા દુખાયલ કોલેજ ઓફ એજ્યુકેશન ,આદિપુર | શ્રી અર્પણ વછરાજાની ૯૪૦૯૨૪૦૧૫૫ | કુ.દીપા કંસારા ૯૪૨૮૮૧૮૬૮૬ | શ્રી વિનોદ કટુવા ૮૧૫૩૯૮૩૦૨૦ |
| 4 | ડૉ.એચ.આર.ગજવાણી કોલેજ ઓફ એજ્યુકેશન,આદિપુર | શ્રીમતિ એ.ટી.બુલચંદાણી ૯૮૨૫૨૮૨૩૭૫ | શ્રી ધર્મિષ્ઠા ડાંગર ૯૮૭૯૬૦૬૨૮૬ | ડૉ .તુલના શર્મા ૯૯૨૫૧૪૮૨૮૮ |
| 5 | વી.ડી.ઠક્કર કોલેજ ઓફ એજ્યુકેશન ,ગાંધીધામ | શ્રી હરેશ ચૌધરી ૯૯૭૮૧૬૬૩૮૪ | શ્રી પુજાબેન ગઢવી ૭૪૦૫૯૩૩૫૫૪ | શ્રી વિનાયક આચાર્ય ૯૦૩૩૩૪૦૩૪૩ |
| 6 | એમ.ડી .કોલેજ ઓફ એજ્યુકેશન ,હરીપર (ભુજ) | શ્રી એ .જે .જોશી ૯૪૨૮૭૪૮૬૧૫ | શ્રીમતિ એમ.બી અધ્વર્યુ ૯૯૭૯૩૨૯૧૫૧ | શ્રીમતિ જે.આર.માહલા ૯૯૭૯૭૬૭૪૧૮ |
| 7 | માં આશાપુરા કોલેજ ઓફ એજ્યુકેશન ,ભુજ | શ્રીમતિ મેધા શાહ ૭૦૧૬૭૯૭૫૦૩ | શ્રી પી .એમ .ભાનાણી ૯૪૨૭૭૬૮૮૫૮ | ડૉ.પલ્લવીબેન શાહ ૯૪૨૯૫૪૭૯૬૫ |

4 કોલેજ પ્રવેશ વખતે પ્રવેશ ફોર્મની પ્રિન્ટ આઉટ, આચાર્યના સહી સિક્કા સાથેનું વેરિફિકેશન પત્ર તથા કોલેજના ઓફર લેટરની નકલો કોલેજ કક્ષાએ જમા કરાવવાની રહેશે.

5 પ્રવેશ ફોર્મમાં કચ્છ જિલ્લાની તમામ બી.એડ્ .કોલેજને પસંદગી ક્રમાંક મુજબ ક્રમ આપવો જરૂરી છે.

**<u>માધ્યમ અંગેના નિયમો :</u>**

1. તમામ માધ્યમો માટે એક સળંગ મેરીટ યાદી બનશે માધ્યમ પ્રમાણે કોઈ જગ્યાઓ નથી.
2. જે માધ્યમમાં પ્રવેશ મેળવેલ હોય તે જ માધ્યમમાં સમગ્ર પ્રાયોગિક કાર્ય કરવાનું રહેશે.

**<u>લાયકાત અંગેના નિયમો :</u>**

1. યુ.જી.સી.એ માન્ય કરેલ કોઈ પણ વૈધાનિક યુનિવર્સિટીની 10+2+3 ની તરાહની પદવી પરીક્ષામાં NCTE એ નક્કી કરેલ જોગવાઈ મુજબ કુલ ગુણના ઓછામાં ઓછા 50 % ગુણ ( એસ.સી /એસ.ટી /S.E.B.C ના વિધાર્થીઓ માટે 45 % ગુણ ) મેળવી પાસ કરનાર વિધાર્થી બીએડના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણાશે.

**<u>વિષય પસંદગી માટેના નિયમો</u>**

1 ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન કે રાજ્યશાસ્ત્ર ( પોલિટિકલ સાયન્સ ) સમાજશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, (B.A.) કે તત્વજ્ઞાન, પુરાતત્વ વિજ્ઞાન અને નૃવંશશાસ્ત્ર સાથે બી.એ .પાસ કરનારને બી.એડ્ .માં સામાજિક વિજ્ઞાન પદ્ધતિ આપવામાં આવશે.

2 અર્થશાસ્ત્ર વિષય સાથે એમ.એ .થનાર વિદ્યાર્થીને જ અર્થશાસ્ત્ર પદ્ધતિમાં એડમિશન મળી શકશે .અર્થશાસ્ત્ર વિષય સાથે બી.એ .થનાર વિદ્યાર્થીને અર્થશાસ્ત્ર પદ્ધતિને બદલે સામાજિક વિજ્ઞાન પદ્ધતિ આપવામાં આવશે.

3 વાણિજ્ય વિદ્યાશાખાના કોઈપણ વિષય સાથે બી.કોમ /.એમ.કોમ .થયેલ વિદ્યાર્થી પ્રવેશપાત્ર ગણાશે તેઓ નામાનાં મૂળતત્વો અને વાણિજ્ય પદ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે.

4 **સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષયમાં પ્રવેશ અપાયા બાદ જો ખાલી જગ્યા રહેશે, તો પ્રવેશ સમિતિ નક્કી કરે તે વિષયમાં સીટો તબદીલ કરવામાં આવશે.**

5 **ઉમેદવારોને જે વિષય - પદ્ધતિમાં એડમિશન અપાયેલ હશે તે સિવાયની બીજી વિષય - પદ્ધતિ જે તે કોલેજ દ્વારા નક્કી કરવામાં આવશે .આ બાબતે કોલેજનો નિર્ણય આખરી ગણાશે. કોલેજમાં નહીં શીખવાતી વિષય -પદ્ધતિને બીજી વિષય પદ્ધતિ તરીકે રાખી શકાશે નહીં.**

6 **નીચે આપેલ પરિશિષ્ટ 3 -માં આપેલ વિષય પસંદગી મુજબ શરૂઆતમાં પ્રવેશ આપવામાં આવશે જો તે વિષયની બેઠકો ખાલી રહેશે તો જ પરિશિષ્ટ - 4 માં દર્શાવેલ વિષયથી ભરવામાં આવશે.**

| | |
|---|---|
| **પરિશિષ્ટ - 1**<br>**યુનિવર્સીટી કોડ** | **KU** ( કચ્છ યુનિવર્સીટીની સ્નાતક કે અનુસ્નાતક પદવી )<br>**GU** ( ગુજરાત રાજયની કચ્છ યુનિવર્સીટી સિવાયની અન્ય માન્ય યુનિવર્સીટીઓ )<br>**OUS** (ગુજરાત રાજય બહારની માન્ય યુનિવર્સીટીઓ ) |
| **પરિશિષ્ટ - 2**<br>**જાતિ કોડ** | **SC** ( અનુસુચિત જાતિ )<br>**ST** ( અનુસુચિત જન જાતિ )<br>**SEBC** ( સામાજિક શૈક્ષણિક પછાત જાતિ )<br>**EWS** ( આર્થિક રીતે નબળો વર્ગ )<br>**OPEN** ( બિન અનામત ) |
| **પરિશિષ્ટ - 3**<br>**વિદ્યાશાખા કોડ** | **વિશિષ્ટ જૂથ** — **પ્રવેશપાત્ર પદ્ધતિ**<br>1. ગુજરાતી - ગુજરાતી<br>2. હિન્દી - હિન્દી<br>3. સંસ્કૃત - સંસ્કૃત<br>4. અંગ્રેજી - અંગ્રેજી<br>5. ગણિત - ગણિત<br>6. Physics,chemistry,Botany,Zoology,Microbiology,Bio-chemistry, Ind.Chemistry,Geology,B.Sc(Electronics) - Home Science, Marine Science અને Environment. - વિજ્ઞાન અને ટેક્નોલોજી<br>7. Geography, History, Economics, Political Science, Psychology, Sociology, Philosophy, Archeology, Enthropology - સામાજિક વિજ્ઞાન<br>8. Economics ( અર્થશાસ્ત્ર ) - અર્થશાસ્ત્ર<br>9. વાણિજ્ય વિદ્યાશાખામાંનો કોઈપણ વિષય ( B.Com કક્ષાએ ) - નામના મૂળતત્વો / વાણિજ્ય |
| **પરિશિષ્ટ - ૪**<br>**અન્ય વિદ્યાશાખા કોડ** | **વિશિષ્ટ જૂથ** — **પ્રવેશપાત્ર પદ્ધતિ**<br>1. આર્ટસ વિદ્યાશાખામાં હોમસાયન્સ - સામાજિક વિજ્ઞાન<br>2. મેનેજમેન્ટ વ્યવસ્થાપન - નામના મૂળતત્વો / વાણિજ્ય<br>3. કમ્પ્યુટર વિદ્યાશાખા - ગણિત / વિજ્ઞાન અને ટેકનોલોજી<br>4. ઇજનેરી વિદ્યાશાખા - ગણિત / વિજ્ઞાન અને ટેકનોલોજી<br>5. તબીબ વિદ્યાશાખા (M.Pham / B.Pham ) - ગણિત / વિજ્ઞાન અને ટેકનોલોજી<br>6. ગ્રામ્ય અને કૃષિ વિજ્ઞાન - સામાજિક વિજ્ઞાન<br>7. ફાઈન આર્ટસ / પર્ફોર્મિંગ આર્ટસ - ગુજરાતી, હિન્દી, અંગ્રેજી<br>8. આંકડાશાસ્ત્ર (B.Sc/M.Sc) - ગણિત |

**બેઠકોની ફાળવણી** :

1 **કોલેજ વાર પ્રવેશ સંખ્યા યુનિવર્સિટી, રાજ્ય સરકાર અને NCTE ના નિયમોને આધીન વખતો વખત જે નક્કી થાય તે પ્રમાણે રહેશે.**

2 **કચ્છ યુનિવર્સિટીમાંથી પાસ થનાર સ્નાતક તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓમાંથી 90 % બેઠકો ભરવામાં આવશે.**

3 **8% બેઠકો ગુજરાત રાજ્યની માન્ય યુનિવર્સિટીના સ્નાતકો / અનુસ્નાતકો દ્વારા અને 2% બેઠકો ગુજરાત રાજ્ય બહારની માન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવશે . આ બેઠકો વર્ષ 2024 અથવા તે પહેલા સ્નાતક અને અનુસ્નાતક થયેલ વિદ્યાર્થીઓ વડે ભરવામાં આવશે . ઓરીજીનલ માર્કશીટ હોવી જરૂરી છે.**

4 **અનામત અને ઓપન બેઠકો : SC - 07% ,ST - 15% ,SEBC - 27% ,OPEN - 51% ,EWS - 10%**

5 **અનામત કેટેગરીમાંની જગ્યાઓ જો ઉમેદવારની ઉપલબ્ધિ ના અભાવે નહીં ભરાય તો યુનિવર્સિટી જે તે જગ્યાઓ રૂપાંતરિત કરવાનો નિર્ણય લઈ શકશે.**

6 **કાશ્મીરી માઇગ્રેશન ધરાવતા વિદ્યાર્થીઓની બેઠકોની ફાળવણી માનવ સંસાધન મંત્રાલયના પત્ર ક્રમાંક : No.3-1/2012 NER તા .27/02/2012 ના નિયમોને આધીન રહેશે.**

દિવ્યાંગ ઉમેદવાર માટે :

1 દિવ્યાંગ ઉમેદવાર માટે કુલ સીટના 5 % બેઠકો ફાળવવામાં આવશે, પરંતુ આ 5 % બેઠકો ઓપન, એસ.સી., એસ.ટી., સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત કેટેગરીમાં સમાવી લેવામાં આવેલ છે .એટલે અનામતની કુલ ટકાવારી 49 % રહેશે.
2 પી.એચ .( દિવ્યાંગ) કક્ષાનો લાભ લેવા ઈચ્છનાર ઉમેદવારોએ સિવિલ સર્જનનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે અચૂક જોડવાનું રહેશે .આ પ્રકારના ઉમેદવારો ઓછામાં ઓછી 40% દિવ્યાંગતા ધરાવતા હશે તેઓ મેરીટના આધારે પ્રવેશપત્ર થશે .જો તે દિવ્યાંગતા અવરોધક હશે તો તે વિદ્યાર્થી બી.એડ્ .માં પ્રવેશપાત્ર ગણાશે નહીં અને જો પ્રવેશ અપાઈ ગયો હશે તો તે પ્રવેશ રદ થશે.

અનામત કેટેગરી અંગે

1 અનામત બેઠકોનો લાભ લેવા ઈચ્છતા ઉમેદવારોએ સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર સાથે જોડવાનું રહેશે. SEBC માટે 'ઉન્નત વર્ગમાં આવતા નથી' (નોનક્રિમિલેયર) તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું તા. 01/04/2023 કે તે પછી આપેલ પ્રમાણપત્ર જોડવું આ સિવાય SEBC કેટેગરીનો લાભ મેળવી શકાશે નહીં.
2 જાતિનું પ્રમાણપત્ર કે નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ અરજી સાથે રજૂ કરેલ નહીં હોય, તો સદર અરજદારને જનરલ (ઓપન)કેટેગરીમાં ગણવામાં આવશે .પાછળથી કોઈપણ સંજોગોમાં કેટેગરી બદલાવવામાં આવશે નહીં .
3 કાશ્મીરી માઇગ્રેશનવાળાએ તમામ પુરાવા સાથે રજૂ કરવાના રહેશે.

પ્રોવિઝનલ એલિજિબિલિટી અંગે

1 કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સિવાયના તમામ અરજદારોએ કચ્છ યુનિવર્સિટી વેબસાઈટ ( www.kskvku.ac.in ) પરથી પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ (પીઈસી) મેળવવા માટેનું ફોર્મ ભરીને તે ઓનલાઈન મેળવવાનું રહેશે અને તે એડમિશન વખતે તેની ઝેરોક્ષ નકલ તથા અસલ સર્ટિફીકેટ જે તે કોલેજમાં જમા કરાવવાનું રહેશે.

મેરીટ ગુણ નક્કી કરવાની રીત

1 મેરીટ લિસ્ટ માટે પ્રવેશ ગુણાંક ની ગણતરી નીચે પ્રમાણે થઈ શકશે.
પ્રવેશ ગુણાંક = સ્નાતક કક્ષાએ મેળવેલ કુલ ગુણના % + અનુસ્નાતક કક્ષાએ મેળવેલ કુલ ગુણના 20%
અ ) ટી.વાય .માં જે વિષય સાથે સ્નાતક થયા હોય તે જ વિષયમાં જો અનુસ્નાતકની પદવી મેળવેલ હોય તો જ અનુસ્નાતકના કુલ ગુણના 20% મેરીટની ગણતરીમાં લેવામાં આવશે .જ્યાં વિષય બદલ્યો હોય ત્યાં આ લાભ આપવામાં આવશે નહીં .
બ ) અનુસ્નાતક પદવી પરીક્ષાના પાર્ટ - 1 અને પાર્ટ - 2 પૂર્ણ થયેલ હોય અને પાસની માર્કશીટ હોય તો જ તે વિદ્યાર્થીના અનુસ્નાતકક્ષાએ મેળવેલા ગુણના 20 % મેરીટની ગણતરીમાં લેવામાં આવશે.
2 જો પ્રવેશ ગુણાંક સરખા થતા હોય ત્યારે અગ્રતા ક્રમ **GCAS** દ્વારા સૂચવાયેલ નિયમાનુસાર નક્કી કરવામાં આવશે.
3 વિષયવાર મેરીટ ગુણના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. અન્ય કોઈપણ પ્રકારના ગુણ કે ધોરણો કે સિદ્ધિઓ ગણતરીમાં લેવાશે નહીં.

સામાન્ય નિયમો:

1 સ્નાતક પરીક્ષા ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કોલેજોમાંથી પસાર કરેલી હોવી જોઈશે તો જ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીના વિદ્યાર્થીની કેટેગરી ગણાશે.
2 ઉમેદવારે GCAS પોર્ટલ પર માત્ર એક જ પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે .એક કરતાં વધુ ફોર્મ ભરશે, તો તેણે ભરેલા બધા જ ફોર્મ રદબાતલ ગણાશે.
3 GCAS પોર્ટલ પર ભરેલ બી.એડ .પ્રવેશ ફોર્મ જે કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવે ત્યારે કોલેજમાં રૂબરૂમાં જ ઉમેદવારે જમા કરાવવું.
4 અરજીપત્રકમાં આપવામાં આવેલ નંબર એ જ તમારો રજીસ્ટ્રેશન નંબર ગણાશે કોઈપણ વિગતોની તપાસ માટે તે નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.
5 પ્રવેશ માટે નો ઓફર લેટર જે તે કોલેજમાંથી મળ્યા બાદ તેમાં દર્શાવ્યા મુજબના નિર્ધારીત દિવસે અને સમયે સ્વખર્ચે ઉમેદવારે જાતે પોતાનો ક્રમ આવે ત્યાં સુધી હાજર રહેવું ફરજિયાત છે. કોઈ પણ કારણસર વિદ્યાર્થી હાજર રહેશે નહીં તો, તે પ્રવેશપાત્ર રહેશે નહીં . આ બાબતની રજૂઆત કે ફરિયાદ પાછળથી લેવામાં આવશે નહીં અને પાછળથી પ્રવેશ કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહીં .
6 પ્રવેશ વખતે ઉમેદવારે અસલ પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે .પ્રવેશ ફોર્મમાં ભરેલી વિગતો અને પ્રમાણપત્રો ગુણપત્રકોમાં કોઈ વિસંગતતા જણાશે તો તેવા ઉમેદવારોનો પ્રવેશ રદ થશે .આ બાબતની રજૂઆત પાછળથી સાંભળવામાં આવશે નહીં .

7 એકવાર એક કેટેગરીમાં પ્રવેશ મેળવી લીધા બાદ અન્ય કેટેગરીમાં પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં, તે બાબતનું લખાણ આપવાનું રહેશે.

8 એક વખત કોઈ એક કોલેજમાં પ્રવેશ મેળવી લીધા બાદ અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં અને કોલેજ તેમજ માધ્યમ બદલી આપવામાં આવશે નહીં .

9 પ્રવેશ કોલ લેટર મળ્યેથી નિર્ધારિત દિવસે જ સ્થળ પર કોલેજની સત્ર ફી ભરવાની રહેશે. જો ફી ભરવામાં નહીં આવે તો પ્રવેશ રદ્દ થશે. આ બાબતે પાછળથી વિવાદ ચાલી શકશે નહીં. ફી ભરવામાં નહીં આવે તો પાછળના ક્રમના વિદ્યાર્થીને પ્રવેશ આપી દેવામાં આવશે.

<u>**પ્રવેશ ફીની વિગત**</u>

| ક્રમ | કોલેજનું નામ | ભાઈઓ માટે ફી | બહેનો માટે ફી | |
|---|---|---|---|---|
| 1 | એસ.ડી.શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન ,મુન્દ્રા | ૧૭૮૫-/ | ૫૩૫-/ | સેમેસ્ટર ફી |
| 2 | જિલ્લા શિક્ષણ અને તાલીમી ભવન ,ભુજ | ૧૭૮૫-/ | ૫૩૫-/ | |
| 3 | દાદા દુખાયલ કોલેજ ઓફ એજ્યુકેશન ,આદિપુર | ૧૫૦૦૦ -/ટોકન ફી | ૧૫૦૦૦ -/ટોકન ફી | |
| 4 | ડૉ.એચ.આર.ગજવાણી કોલેજ ઓફ એજ્યુકેશન,ગાંધીધામ | ૧૫૦૦૦ -/ટોકન ફી | ૧૫૦૦૦ -/ટોકન ફી | |
| 5 | વી.ડી.ઠક્કર કોલેજ ઓફ એજ્યુકેશન ,ગાંધીધામ | ૧૫૦૦૦ -/ટોકન ફી | ૧૫૦૦૦ -/ટોકન ફી | |
| 6 | એમ.ડી .કોલેજ ઓફ એજ્યુકેશન ,હરીપર) ભુજ( | ૧૫૦૦૦ -/ટોકન ફી | ૧૫૦૦૦ -/ટોકન ફી | |
| 7 | માં આશાપુરા કોલેજ ઓફ એજ્યુકેશન ,ભુજ | - | ૧૫૦૦૦ -/ટોકન ફી | |

❖ રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત ફી નિર્ધારણ કમિટી (FRC), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર દ્વારા ફીના ધોરણોમાં જે કંઈ ફેરફાર થાય તે સંસ્થા તથા વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

10 પ્રથમ સેમેસ્ટરની ફી ઉપર મુજબ અંદાજિત - ટોકન છે વખતો વખતના સુધારા મુજબ બાકીની ફી કોલેજમાં ભરવાની રહેશે.

11 ફ્રીશીપ કાર્ડ પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ રૂ 100.ટોકન ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે.

12 એક વખત પ્રવેશ લીધા પછી ફી પરત કરવામાં આવશે નહીં.

13 ગ્રાન્ટેબલ અને સ્વનિર્ભર કોલેજનો પ્રવેશ એક સાથે શરૂ થશે.

14 પ્રવેશ ફોર્મથી ભરવાથી લઇ પ્રવેશ સુધીની તમામ કાર્યવાહી કોલેજ કક્ષાએથી કરવામાં આવશે. આથી કોલેજની વેબસાઈટ કે નોટીસ બોર્ડ પર જાહેર થાય તે મુજબ ઉમેદવારે સ્વખર્ચે જે તે કોલેજ સ્થળે ઉપસ્થિત થવાનું રહેશે. આ માટે કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં. તે જાહેરાત જોવાની જવાબદારી અરજદારની રહેશે.

15 વિદ્યાર્થી માટે જે તે કોલેજના શિસ્તના નિયમ બંધનકર્તા રહેશે અને તે બાબતનું ખાત્રીપત્ર કોલેજને આપવાનું રહેશે.

16 પ્રવેશ ગુણાંક, વિષયની પસંદગી, બેઠક ફાળવણી, કોલેજની પસંદગી વગેરેનું અર્થઘટન કરવામાં બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે . આ બાબતે કોઈ વિવાદ ચાલશે નહીં.

17 પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉમેદવાર તરફથી સમિતિના કોઈપણ સભ્યને ધાકધમકી કે દબાણ કરવામાં આવશે, તો પ્રવેશ રદ્દ કરવાનો અધિકાર બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિનો રહેશે.

18 પ્રવેશના નિયમો ફાઇનલ થયા પછી કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં અને પ્રવેશ દરમિયાન કોઈ વાદ-વિવાદ ચર્ચા કરી શકાશે નહીં .

19 માત્ર કચ્છ યુનિવર્સિટીના ઉમેદવારો કે જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પરીક્ષા આપી પાસ થયેલ હોય અને જો તેમની સ્નાતક કે અનુસ્નાતક કક્ષાની અસલ માર્કશીટ કોલેજ/ભવનમાં ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં વેબસાઈટ પરથી પ્રિન્ટ આઉટ મેળવી તેના પર કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સીટીનાં સહી-સિક્કા કરાવી જમા કરાવવાની રહેશે અન્યથા એડમિશન ફોર્મ સ્વીકારાશે નહીં. અસલ માર્કશીટ મળ્યેથી તેની નકલ જે તે કોલેજમાં જમા કરાવવાની રહેશે.

20 મેરીટ યાદી મુજબ પ્રવેશ મેળવવા અરજદારે પ્રવેશ ફોર્મ ,વેરિફિકેશન પત્ર ,ઓફર લેટરની કોપી સાથે નીચે જણાવેલ જરૂરી તમામ પ્રમાણપત્રોની મૂળ નકલ અને પ્રમાણિત નકલો સાથે કોલેજ દ્વારા નક્કી કરેલ તારીખે અને સમયે કોલેજ ખાતે હાજર રહીને જે કોલેજમાં પ્રવેશ મળવાપાત્ર હોય તે કોલેજના આચાર્યશ્રી GCAS/નોડેલ ઓફિસરશ્રી પાસે પ્રવેશ કન્ફર્મ કરાવી લેવાનો રહેશે .

21 મેરીટ યાદીમાં નામ આવવાથી કે ઓફર પત્ર મળેલ હોવાથી ઉમેદવારને કોલેજમાં પ્રવેશ મળી ગયેલ છે તેમ માનવું નહીં.

22 B.Ed. પ્રવેશના તમામ ઉમેદવારોને ઉપરોક્ત તમામ નિયમો બંધનકર્તા રહેશે.

❖ <u>**જોડવાના જરૂરી પ્રમાણપત્રોની યાદી :**</u>

1. **બી.એડ .પ્રવેશ ફોર્મ**
2. **બી.એડ .ફોર્મ વેરિફિકેશન પત્ર ( આચાર્યશ્રીના સહી - સિક્કા સાથે વેરીફાઈડ )**
3. **કોલેજનો ઓફર પત્ર**
4. **ધો 10-ની માર્કશીટની નકલ**
5. **ધો 12-ની માર્કશીટની નકલ**
6. **સ્નાતકની તમામ સેમિસ્ટરોની માર્કશીટની નકલ**
7. **અનુસ્નાતકની તમામ સેમિસ્ટરોની માર્કશીટની નકલ**
8. **શાળા છોડયાનું પ્રમાણપત્ર**
9. **જાતિનું પ્રમાણપત્ર ( માત્ર SC, ST, SEBC, EWS વિદ્યાર્થીઓ માટે )**
10. **નોન -ક્રિમિલેયર પ્રમાણપત્ર ( માત્ર SEBC વિદ્યાર્થીઓ માટે )**
11. **પ્રોવિઝનલ એલિજિબિલિટી ( રાજ્યની અન્ય યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ માટે )**
12. **ABC IDની નકલ**
13. **આધાર કાર્ડની નકલ**
14. **એક પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ**